# URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185


આઝાદી કા અમૃત મહોત્સવ

## જાહેર ખબર

## ઇમ્યુનાઇઝેશન ફીલ્ડ વોલીએન્ટરની ૧૧ માસના કરાર પદ્ધતિથી ભરતી કરવા બાબત

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી અમદાવાદ માટે નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમના નામ, સરનામું, ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અનુભવ અંગેની વિગત આ સાથે સામેલ ફોર્મેટમાં સ્વઅક્ષરે ભરી અરજી પત્રક તથા જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે તા.૧૧/૧૨/૨૦૨૧ થી તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ સાંજના ૬:૦૦ વાગ્યા સુધીમાં શહેરી કુટુંબ કલ્યાણ એકમ, બીજો માળ, આરોગ્ય ભવન, જુનૂં ટી.બી હોસ્પિટલ કંપાઉન્ડ, જુના એસ.ટી.બસ સ્ટેન્ડની સામે, ગીતા મંદીર રોડ, આસ્ટોડિયા દરવાજા પાસે, જમાલપુર, અમદાવાદ – ૩૮૦૦૨૨ ખાતે રૂબરૂ અથવા રજીસ્ટર એ. ડી. મોકલવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉમર અંગેની સ્પસ્ટતા, ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પસ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | ઉંમર | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|
| ૧ | ઇમ્યુનાઇઝેશન ફીલ્ડ વોલીએન્ટર | ૧. માન્ય યુનિવર્સીટી માંથી માસ્ટર/બેચલર ઇન સોશિયલ વર્કર<br>અથવા<br>માન્ય યુનિવર્સીટી માંથી માસ્ટર/બેચલર ઇન રૂલર મેનેજમેન્ટ<br>૨. રસીકરણ ક્ષેત્રીય કામગીરીનો અનુભવ જરૂરી<br>૩. ડ્રાઈવિંગ લાયસન્સ સાથે પોતાનું ટુ વ્હીલર જરૂરી<br>૪. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષા પર પ્રભુત્વ | મહ્તમ ૪૫ વર્ષ | પ્રતિ વિઝીટ રૂ. ૬૦૦/- તથા ટ્રાવેલીંગ એલાઉન્સ પ્રતિ વિઝીટ રૂ.૨૦૦/- પ્રતિ માસ ૨૦ વિઝીટ કરવાની રહ્શે. |

**શરતો**

1. અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ જોડેલ નહી હોય તો તેવી અરજી રદ્દ ગણવામાં આવશે તેમજ અરજી ફોર્મ ભર્યા બાદ અરજીમાં દર્શાવેલ વિગતોના તથા અરજી સાથે જોડેલ પ્રમાણપત્રના અસલ પુરાવા રજૂ નહી કરે તો અત્રેની ઓફીસેથી લીધેલ નિર્ણય છેલ્લો ગણાશે. તે અંગે ઉમેદવારનો કોઇ હક્ક દાવો રહેશે નહી.
2. આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

3. પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક ૧૧ માસ માટે રહેશે. કોન્ટ્રાકટ પૂર્ણ થતાં જો કર્મચારીની કામગીરી સંતોષકારક હશે તો ૧ દિવસનો બ્રેક આપી તેનો કોન્ટ્રાકટ રીન્યુ કરવામાં આવશે.
4. પસંદગી પામેલ ઉમેદવારે ધી અર્બન હેલ્થ સોસાયટીના વખતો વખત નક્કી થતા ધારાધોરણો પ્રમાણે કામગીરી કરવાની રહેશે.
5. પસંદગી પામેલ ઉમેદવારોએ નિમણૂંક અગાઉ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ સાથે કરાર કરવાનો રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કોઇ હકકદાવો રહેશે નહી.
6. ઉપરની જગ્યા માટે જે તે તબકકે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.
7. ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે યુનિર્વસીટીમાંથી ડીગ્રી મેળવી હોઇ તે યુનિર્વસીટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજૂ કરવાનો રહેશે.
8. સ્ટેટ હેલ્થ સોસાયટી દ્વારા વખતો વખત મળતી સુચના મુજબ પગાર ધોરણમાં સુધારા વધારા કરવામાં અવશે.
9. પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
10. ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવેલ હોવાથી જો તેમાં કંઇ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો જે ઉમેદવારનું મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી.
11. ઉમેદવારની નિમણૂંક અંગે રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સુધારો સુચવવામાં આવે તો તે મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજૂરીથી તેમાં સુધારો કરવામાં આવશે.

મેમ્બર સેક્રેટરી
ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ